# સરકારી કચેરીઓમાં માત્ર ૨૦ ટકા જ હાજરી

## પાંચ દિવસના મીની વેકેશન બાદ પણ સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી : કોરોનાનું વધતું સંક્રમણ પણ કારણભૂત

ગાંધીનગર, તા.૧૫

સરકારી કચેરીઓ ખાલીખમ લાગી રહી છે. પાંચ દિવસના મીની વેકેશન બાદ ગુરુવારે શરૂ થયેલી સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે. કોરોનાના વધતા સંક્રમણને કારણે મોટાભાગની સરકારી કચેરીઓમાં ૨૦ થી ૩૦ ટકા જેટલી જ હાજરી જોવા મળી રહી છે.

છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાનું સંક્રમણ વધુને વધુ ઘેરુ બની રહ્યું છે. વધુને વધુ લોકો સંક્રમણનો શિકાર બની રહ્યા છે. જેની સીધી અસર સરકારી કચેરીઓ અને સરકારના કામકાજ પર થઈ રહી છે. એપ્રિલ મહિનાના તમામ શનિવાર અને રવિવારે સરકારે સરકારી કચેરીઓમાં રજા જાહેર કરી છે વળી એપ્રિલ માસમાં જાહેર રજા પણ વધુ આવતી હોવાથી સરકારી કચેરીમાં પાંખી હાજરી જોવા મળે છે. ગત પાંચ દિવસના મીની વેકેશન બાદ શરૂ થયેલી સરકારી કચેરીઓમાં જાણે કાગડા ઉડતા હતા. કર્મચારીઓ અને તેમના પરીવારજનો સંક્રમણનો શિકાર બન્યા હોવાથી તે મેડીકલ લીવ મુકી રજા પર ઉતરી ગયા છે. કોરોના સંક્રમણનો ભોગ બનેલા કર્મચારીઓ માટે સરકારે દસ દિવસની રજા આપવાની જાહેરાત કરી હોવાથી કર્મચારીઓ તેનો લાભ લઈ રહ્યા છે.

ગાંધીનગરની સચિવાલય સહિતની કચેરીઓમાં અમદાવાદથી ઘણા કર્મચારીઓ અપ-ડાઉન કરતા હોવાથી અને અમદાવાદમાં સંક્રમણ વધુ ફેલાયું હોવાથી તેઓએ કચેરીઓમાં આવવાનું બંધ રાખ્યું છે. જેના કારણે કચેરીઓ કર્મચારીઓ વિના ખાલી લાગી રહી છે. જનસેવા કેન્દ્રો જેવી કચેરીઓમાં અરજદારોની અવરજવરને નિયંત્રિત બનાવાઈ છે. જેના કારણે પણ કચેરીઓ સૂની દેખાઈ રહી છે. મોટાભાગની કચેરીઓમાં ૫૦થી પણ ઓછો સ્ટાફ ફરજ પર આવી રહ્યો છે. જેના કારણે કામકાજ પર અસર જોવા મળી રહી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તે મને વિકાસ ના નામે કાપી નાખ્યુ... નહી તો તને આટલો ઓક્સિજન તો કલાકમાં આપી દેત...

# શહેરીજનોનું સ્વયંભુ હોમ લોકડાઉન

## શહેરના જીવન જરૂરિયાતની ચીજવસ્તુ સિવાયની તમામ દુકાનોમાં શહેરીજનોની પાંખી હાજરી

ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં કોરોનાનું સંક્રમણ વધવાને કારણે શહેરીજનો સ્વયંભુ લોકડાઉન પાળી રહ્યા છે તેમ જણાઈ રહ્યુ છે. દિવસે દિવસે વધતા જતા કોરોનાના કેસ સામે શહેરીજનોએ પોતાની સ્વસ્થ રહેવા માટેની ચાવી શોધી લીધી છે અને તે છે ઘરમાં જ રહેવુ અને સ્વસ્થ રહેવુ. શહેરમાં મુખ્યત્વે દૂધ-શાક, કરિયાણા કે મેડિકલ સિવાય શહેરીજનો કોઈપણ જગ્યાએ જવાનુ ટાળી રહ્યા છે.

કોરોનાનો કહેર વધતાં જ શહેરીજનો હવે પોતાનું ધ્યાન દૃઢપણે રાખી રહ્યા છે. કામ વગર ઘરની બહાર ન જવા સાથે અઠવાડિયાની જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પણ એક જ દિવસમાં ખરીદી લેવાય છે. આજે ગાંધીનગરના ઘરે ઘરે કોરોનાના કેસ છે અને હોસ્પિટલો ખાલી નથી ત્યારે શહેરીજનોએ સ્વયંભુ હોમ લોકડાઉન પાળવાનો નિર્ણય કર્યો છે. શહેરના શાકમાર્કેટ, સલૂન, હોટલ, ઈલેક્ટ્રીક દુકાન, ફોટો સ્ટુડિયો, મોબાઈલ શોપ આ તમામ જગ્યાએ કોઈ ગ્રાહક જતા આવતા જણાતા નથી. એ સામે શહેરનો મેડિકલ, કરિયાણા કે દૂધની દુકાનો સવાર-સાંજ શહેરીજનોની હાજરી જણાય છે. સાથે બ્યુટી પાર્લર, કાર કે ટુ વ્હીલરના શો-રૂમ ઉપરાંત રેસ્ટોરન્ટ, કેફે, આઈસક્રીમ પાર્લર, ઈલેક્ટ્રીક કે ફર્નિચરના શો-રૂમમાં શહેરીજનોની પાંખી હાજરી જણાઈ રહી છે.

દેશ, રાજ્ય અને શહેરની કપરી પરિસ્થિતિ જોતા હવે માસ્ક ન પહેરતા અનો બેદરકારી દેખાડતા અનેક શહેરીજનો હવે ઘરની આજુબાજુ પણ માસ્ક પહેરીને હરતા-ફરતા જણાય છે. કોરોનાનો ડર એટલો વધી ગયો છે કે અનેક વૃદ્ધો પોત પોતાના ઘરમાંય માસ્ક પહેરીને હરે ફરે છે. આ સાથે શહેરના અનેક યુવા અને મોટાઓએ વર્ક ફ્રોમ હોમ કરવા સાથે સ્વયંભુ હોમ લોકડાઉન પાળવાનો નિર્ણય કર્યો છે તેમ જણાઈ રહ્યુ છે.

## ખૂણેખાંચરેથી

- જાણિતા ક્રિકેટર અને કલ્ચરલ ફોરમના કારોબારી સભ્ય વત્સલ વોરા તથા પરિવાર કોરોનાથી સંક્રમિત.
- જાણિતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના ધર્મપત્ની ગૌરીબેનનું કોરાનાથી નિધન.
- ગાંધીનગર સમાચારના યુવા કોલમીસ્ટ અજય ઉપાધ્યાય કોરોનાથી સંક્રમિત.
- ગાંધીનગર મનપાના કાઉન્સીલર નીલાબેન શુક્લની તબિયત લથડતાં તેમને શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.
- ગાંધીનગર શહેરમાં આજે કેટલાક સેક્ટરોમાં કરિયાણાની દુકાનો બંધ રહેતા ઘણા બધાં ગ્રાહકો ખરીદી કર્યા વગર પરત ફર્યા હતા.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરે આજે સવારે ઝુમ એપ્લીકેશન થકી કોરોનાની સમીક્ષા કરી હતી તો સાંજે જિલ્લામાં કોરોનાના દર્દીઓને દાખલ કરવા માટે ક્યાં ક્યાં વ્યવસ્થા થઈ શકે તેમ છે તેની સમીક્ષા બેઠક અધિકારીઓ સાથે યોજી હતી.
- ગાંધીનગર મનપામાં ૨૯ જેટલા કર્મચારીઓ સંક્રમિત થયાના અહેવાલોને પગલે તંત્ર ખોડંગાયુ છે.
- રેમડેસિવિર ઈન્જેક્શનની માંગને પહોંચી વળવા માટે સ્ટેટ ઈમરજન્સી સેન્ટર સે. ૧૯ ખાતે ખાસ કંટ્રોલરૂમ ઉભો કરવામાં આવ્યો છે.
- દહેગામ શહેર અને તાલુકામાં છેલ્લા ૧૦ દિવસમાં કોરોના બ્લાસ્ટ થયાના અહેવાલો સમગ્ર જિલ્લામાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

# સાચુકલાં વૃક્ષો કાપીને બનાવાયેલા અન્ડર પાસમાં વૃક્ષોની કલાકૃતિની સોશ્યલ મિડીયામાં ખિલ્લી ઉડી

## શહેરમાં ભવિષ્યમાં વૃક્ષો કલાકૃતિઓમાં જ જોવા મળશે તેવા કટાક્ષ સાથે તંત્ર પર રોષ ઠાલવતાં પર્યાવરણપ્રેમીઓ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરની મધ્યમાં હાર્દ સમા લોકપ્રિય ઘ-૪ સર્કલમાં વર્ષો જુના વૃક્ષો સહિત અન્ય વૃક્ષોના ભોગે વિકસાવાયેલા અન્ડર પાસને જનતા માટે ખુલ્લો મુકી દેવાયો છે અને આ અન્ડરપાસની દિવાલો પર બનાવાયેલી વૃક્ષોની કલાકૃતિઓ નિહાળીને શહેરના પ્રકૃતિપ્રેમીઓ તેની તસવીરો તથા વિડીયોઝ સોશ્યલ મિડીયા પર શે'ર કરી તંત્રની ભારે ખિલ્લી ઉડાવી રહ્યાં છે. કેટલાંક પર્યાવરણપ્રેમીઓએ તો આ તસવીરોને ગાંધીનગરમાં ભવિષ્યમાં વૃક્ષો ફક્ત તસવીરો અને આ પ્રકારની કલાકૃતિઓમાં જ નિહાળવા મળશે તેવી નિસાસાભરી આગાહી પણ કરી રહ્યાં છે.



શહેરમાં વિવિધ વિકાસકાર્યોના ઓથા તળે વર્ષો જુના ઘટાદાર વૃક્ષોના નિકંદન કાઢવાની તંત્રની કામગીરી પ્રત્યે ઘણા સમયથી પર્યાવરણપ્રેમીઓ રોષે ભરાયેલાં છે અને હજુ પણ શહેરમાં પાઈપલાઈન નાખવા માટે વધુ ત્રણેક હજાર વૃક્ષોનો ભોગ આપવાની કામગીરી તંત્રએ સરૂ કરી દીધી હોવાના સોશ્યલ મિડીયામાં વહેતા થયેલા અહેવાલોને પગલે એક તરફ શહેરમાં ફરી એકવાર પર્યાવરણપ્રેમીઓ ચિંતિત બન્યાં છે. આ સ્થિતિમાં જાહેર જનતા માટે ખુલ્લાં મુકાયેલા ઘ-૪ અન્ડરપાસમાં બનાવાયેલી વૃક્ષોની કલાકૃતિઓ જોઈને સોશ્યલ મિડીયા પર તંત્રની ભારે ખિલ્લી ઉડાવાઈ રહી છે અને શહેરમાં ''ઓરિજનલ વૃક્ષો'' કાપીને કલાકૃતિઓમાં રજૂ કરવા બદલ જવાબદાર તંત્ર પર પ્રકૃતિપ્રેમી નાગરિકો ભારે કટાક્ષ કરી રહ્યાં છે.

# શહેરના બે અગ્રણી વેપારીઓના કોરોનાથી નિધન

## સે-૨૨ રાજેશ કિરાણા સ્ટોર્સના બળદેવભાઇ પટેલ અને સે-૨૧માં રેડીમેઇડ ગાર્મેન્ટનો ધંધો કરતા ગીરીશ ઠક્કર કોરોના સામે જંગ હારી ગયા : વેપારી આલમમાં પણ ઘેરા શોકની લાગણી : દિવસ દરમિયાન દુકાનો પણ બંધ રહી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાના સતત વધતા કેસ અને ઉંચકાતા મૃત્યુ આંક વચ્ચે ભયાવહ સ્થિતિ સૌ કોઈ માટે અત્યંત બેચેનીનુ કારણ બની છે. આવા સંજોગોમાં સેકટરોમાં સંખ્યાબંધ દર્દીઓ હોમકવોરન્ટાઇન પણ છે. જયારે કેટલાક સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલના બિછાને ઓક્સિજન કે વેન્ટીલેટર મશીનના સહારે છે આ ખોફનાક સ્થિતિ વચ્ચે શહેરમાં રોજબરોજ દર્દીઓના મોતના સમાચાર પણ ધ્યાને આવી રહ્યા છે. જેના લીધે આમ નાગરિકોમાં કોરોનાને ખોફ વધ્યો છે. સચિવાલયમાં ફરજ બજાવતા કર્મચારી અધિકારી હોય કે યુવાનો કોરોનાએ સૌ કોઈને ગિરફતમાં લીધા છે. વેપારીઓ પણ કોરોનાની ચપેટે આવી રહ્યા છે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં વર્ષોથી વેપાર કરતા નામી વેપારીઓ કોરોનાથી સંક્રમિત થઇ રહ્યા છે. ત્યારે આજે નગરના બે વેપારી અગ્રણી કોરોના સામેનો જંગ હારી ગયા છે. સે-૨૨ રાજેશ કિરાણા સ્ટોર્સના માલિક બળદેવભાઈ પટેલ અને સે-૨૧ માંરેડીમેઈડ ગાર્મેન્ટસની દુકાન ધરાવતા ગીરીશભાઈ ઠક્કર ઉર્ફે





ભોપાલાલનુ પણ કોરોનાના લીધે દુખદ અવસાન થયુ છે. બન્ને વેપારી અગ્રણીઓના મૃત્યુથી શહેરના શોપિંગ બજારમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે. જયારે આજે દિવસ દરમિયાન સે-૨૧ અને સે-૨૨ ની શોપિંગ સેન્ટરની દુકાનો બંધ રહી હતી. કોરોનાના સંક્રમણથી બચવા માટે આમ પણ વેપારીઓ હવે સવારે જ મોટાભાગે બે કલાક દુકાનો ખુલ્લી રાખે છે. સરકારે લોકડાઉન આપ્યુ નથી જયારે રાત્રિ કરફયુ અને પાન પાર્લરો બંધ રાખવાની જાહેરાત કરી અન્ય વેપાર ધંધાને છુટછાટ આપવામાં આવી છે. પરંતુ કોરોના કાળમુખો બનતા વેપારીઓ પણ હવે પુરતો સમય વેપાર કરવા ઈચ્છતા નથી કોરોનાની સાંકળ તોડવા માટે સ્થાનિકો પણ બને ત્યાં સુધી ઘરમાં જ રહેવાનુ પસંદ કરે છે. આવા સંજોગોમાં કોરોના ઘાતક બનતા નગરવાસીઓ પોતાના એક બાદ એક સ્વજન ગુમાવવાના આઘાતમાં સરી પડ્યા છે.

## રાહેલબા વૃધ્ધાશ્રમમાં એલ.જી. હોસ્પિટલ નર્સિંગ પરિવાર દ્વારા આર્થિક સહાય

ચિલોડા, તા. ૧૫

જનસેવા એજ પ્રભુસેવાના મંત્રને ચરિતાર્થ કરવા મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં હાલની વર્તમાન કોરોનાની મહામારીમાં નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ શ્રીમતિ કલ્પના જાદવની રાહબરી હેઠળ વૃધ્ધાશ્રમને જેક્સન જે. મેકવાન અને ચેતનબાલા ગજજર દ્વારા એલ.જી. હોસ્પિટલ નર્સિંગ પરિવાર તરફથી એકત્રિત કરેલ રૂપિયા ૧૬,૫૦૦ની આર્થિક સહાય કરી પરિવાર દ્વારા સમાજને એક માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.



## ચિલોડા સર્કલ પાસે ઓવરબ્રિજ નીચે રેપીડ ટેસ્ટીંગ માટે લાંબી કતાર

કોરોનાની મહામારીથી જિલ્લા તાલુકા કે શહેરી ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે જિલ્લાના મુખ્ય ગણાતુ જંકશનમથક અને ચિલોડા સર્કલ પાસે ઓવરબ્રીજ નીચે આરોગ્યતંત્ર દ્વારા કોરોના રેપીડ ટેસ્ટ માટેની સુવિધા ઉપલબ્ધ થતાં આજુબાજુના ગામોના તથા અન્ય લોકો રેપીડ ટેસ્ટ કરાવવા લાંબી કતારમાં લાભ લેવા ઉભા રહ્યા છે. હાલમાં ચિલોડા વિસ્તારમાં ખાનગી દવાખાનામાં શરદી, તાવ, ઉધરસના દર્દીઓથી તબીબોની પ્રેક્ટીસ વધી જવા પામી છે.

# મનપામાં આચારસંહિતા ઉઠતાં ડાયરીના મુદ્દે પિન્કીબેનનો કમિશનરને વધુ એક પત્ર

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ડાયરીઓ વર્ષ ૨૦૨૧ની છપાવવામાં આવી છે પણ કાઉન્સીલરોને જ કેમ ના મળી તેવી ફરીયાદ સાથે કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે કમિશનરને એક પત્ર લખ્યો છે.

શ્રીમતિ પટેલે લખેલા પત્રમાં જણાવ્યુ છે કે સરકારની કરકસરની નીતિ જાહેર થયા બાદ અને નવુ વર્ષ શરૂ થયા બાદ બે મહિના પછી મનપાની ડાયરી કેમ છાપવામાં આવી તે સમજાતુ નથી. આ ડાયરી પેટે રૂ. સાડાચાર લાખની રકમનો માતબર ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ આ ડાયરી કાઉન્સીલરો અને એમાંય વિપક્ષના કાઉન્સીલરોને બાદ કર્યા બાદ કોને વિતરણ કરવામાં આવી તેની વિગતો પણ આપવા વિનંતી છે.

તેમને ડાયરીના પ્રિન્ટીંગ અને વિતરણમાં ભ્રષ્ટાચારની બૂ આવતી હોવાની શંકા વ્યક્ત કરી તટસ્થ તપાસ કરાવવા અને જવાબદારો પર પગલાં લેવા માંગણી કરી છે.

# શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં ટેસ્ટીંગ સેન્ટર શરૂ કરો : હિરલ જોશી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાના કોંગીના કાઉન્સીલર હિરલ જોશીએ કમિશનરને બે અલગ અલગ પત્ર લખી ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં ટેસ્ટીંગ સેન્ટરો ખોલવા તેમજ શહેરના નવા અને જુના વિસ્તારોમાં સેનીટાઈઝેશનની કામગીરી કરવા માટે રજુઆત કરી છે.

શ્રીમતિ હિરલ જોશીએ ગાંધીનગર શહેરમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં મનપા દ્વારા પર્યાપ્ત માત્રામાં ટેસ્ટીંગ સેન્ટરો શરૂ કરવાની માંગણી કરી છે. તેમણે જણાવ્યુ છે કે નવા ભેળવાયેલા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે પણ ટેસ્ટીંગ માટેના સેન્ટરો પુરતા નથી અને લોકોને દૂર દૂર જવુ પડે છે. પુરતા ટેસ્ટીંગ ન થવાથી પણ કોરોના ફેલાઈ રહ્યો છે.

તેમણે શહેરમાં ભેળવાયેલા નવા તેમજ જુના વિસ્તારોમાં સેનેટાઈઝેશનની કામગીરી પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી માંગ કરી પરિસ્થિતિનો ઝડપથી નિયંત્રણમાં તંત્ર લે તે સમયની માંગ છે તેમ કહ્યુ છે. તેમણે સ્ટાફની અછત હોય તો આઉટ સોર્સિંગમાં પણ ભરતી કરી લોકોમાં સુરક્ષિતતાનો ભાવ આવે તેવી સ્થિતિ નિર્માણ તંત્ર દ્વારા થાય તેવી લાગણી આ બન્ને પત્રમાં વ્યક્ત કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar
experience bathing
DR. FIXIT®
TATA
STEEL • PIPES • SHEETS
ET TMT
BARS
Mazboot Bharat ki Pehchan

જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ